૪૦૧ / ૯,૪૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૮ જૂન, ૨૦૦૬)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૦ : ૩૦) **સત્સંગ પ્રવેશ : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૭૫)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

### વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર - પંદરમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૫

**પ્રશ્ન.૧. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૬ ગુણ)

૧. ''મહારાજ ! કયે ગામ રહેવું ? શું નામ ? શું જાત ?'' ૭૪

૨. ''આ વર્ણી સાક્ષાત્ પરમાત્મા છે. તે નિશ્ચય દૃઢ કરજો.'' ૧૧૧

૩. ''આ સેવા તો હું જાતે જ કરીશ. કાંઈ પરિશ્રમ નહિ પડે.'' ૯૬

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૬ ગુણ)

૧. સૂર્યનારાયણ સાક્ષાત્ મૂર્તિમાન મનુષ્યરૂપે પ્રગટ થયા. ૨૫

૨. જયદેવે મુકુંદદેવના દીકરા સાથેનું સગપણ તોડી નાખ્યું. ૫૩

૩. ભગવાનદાસે નીલકંઠને ભગવાન જાણ્યા. ૬૦

**પ્રશ્ન.૩. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ <u>એક</u> પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** (૫ ગુણ)

૧. જાંબુવનનું કલ્યાણ (૪૩) ૨. કાઠમંડુમાં રાજાને આશીર્વાદ (૩૧) ૩. નરસિંહ મહેતાને દર્શન (૮૧)

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (૫ ગુણ)

૧. પુરીના બાવાઓ ભેખને નામે શું કરતા ? ૪૮

૨. કાળભૈરવે ભૂતોને શું કહ્યું ? ૨૧

૩. નીલકંઠે પિબેક અને તેના શિષ્યોને કેવી દીક્ષા આપી ? ૩૭

૪. નીલકંઠને કોણે કઈ નદીમાં ફગાવી દીધા ? ૧

૫. વિભિષણની પ્રાર્થનાથી રામચંદ્રજીએ શું કર્યું ? ૬૨

**પ્રશ્ન.૫. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** (૬ ગુણ)

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. નીલકંઠ સુરતમાં આવ્યા ત્યારે શું બન્યું ? ૬૬

(૧) ☐ નિર્વાણ અખાડાના રામકૃષ્ણ મંદિરમાં રહ્યા. (૨) ☐ મંદિરના પૂજારી પ્રસાદીનો થાળ લાવ્યા.

(૩) ☐ નીલકંઠને ત્રણ દિવસના ઉપવાસ થયા. (૪) ☐ એક માલણે આપેલ સીધું નીલકંઠે લીધું.

૨. ઘનશ્યામે કોને દિવ્ય દર્શન આપ્યા. ૫

(૧) ☐ સુખનંદન (૨) ☐ વેણીરામ (૩) ☐ પ્રાગ (૪) ☐ રઘુનંદન

૩. રાજા રણજિતસિંહને થયેલો નીલકંઠનો મેળાપ. ૧૫

(૧) ☐ હવે હું આપને છોડીશ નહીં. (૨) ☐ અમારી સ્મૃતિ કરતાં રાજ્ય કરજો.

(૩) ☐ અમારું જ્ઞાન અંતરમાં સ્થિર થતા રાજ્ય બંધન નહીં કરે. (૪) ☐ તમે મારી બહુ સેવા કરી છે.

**પ્રશ્ન.૬. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** (૪ ગુણ)

૧. પારણામાં ................ ની મૂર્તિની જગ્યાએ સૌને વર્ણીનાં દર્શન થયાં. ૯૧

(પાછળ જુઓ)

✂ - - - - - - - - - - ✂ - - - - - - - - - - ✂

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૮ જૂન, ૨૦૦૬ પરીક્ષા : સત્સંગ પ્રવેશ-૧ માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૦ : ૩૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૪૦૧**

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :- ☐☐☐☐☐☐

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :- ☐☐☐☐

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

૨. લાલજી સુથાર લોજના બદલે .................... ગયા. ૧૦૧
૩. નીલકંઠે તોતાદ્રીમાં .................... ને સ્ત્રીના ત્યાગની વાતો કરી. ૬૪
૪. નીલકંઠ .................... ઋષિ પાસે અષ્ટાંગ યોગ શીખ્યા. ૩૧

## વિભાગ-૨ : સત્સંગ વાંચનમાળા ભાગ-૧ - આઠમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૫

**પ્રશ્ન.૭. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૬ ગુણ)
૧. ''વચનામૃત લખ્યાં મેં, શોધ્યાં મેં, પણ આજે સમજાણાં.'' ૨૧
૨. ''મારા મનની આ ભાંજગડ તમારે દૂર કરવાની છે.'' ૨
૩. ''પણ ઘોડાએ ઘોડાએ આપનાં દર્શન થયાં.'' ૩૪

**પ્રશ્ન.૮. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૪ ગુણ)
૧. ભગતજી મહારાજ જેઠાભાઈને ભેટ્યા. ૪૫
૨. જોબન પગીની દેવી હરિ ભગત થઈ ! ૩૬

**પ્રશ્ન.૯. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ <u>પાંચ</u> સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** (૫ ગુણ)
**વિષય :- પાર્ષદ જેઠા ભગતની સેવાઓ** ૪૫

**૧.** મુંબઈ, વડોદરા, જૂનાગઢ, ગઢડા વગેરે મંદિરોમાં કોઠારી તરીકે કામ કર્યું. **૨.** જેઠાભાઈને ભેટીને મનોરથ પૂર્ણ કર્યા. **૩.** મહુવામાં ભગતજીની માંદગીમાં અંગત સેવા કરી. **૪.** ભગતજી મહારાજ અને જાગા સ્વામી બંને સત્પુરુષોના આશીર્વાદ મેળવ્યા. **૫.** પોઢેલા ભગતજી જાગી ગયા અને જેઠાભાઈનો સંકલ્પ જાણી ગયા. **૬.** તમારા પર ભગવાન અને સાધુની દૃષ્ટિ અખંડ રહેશે - ભગતજીએ આપેલ વર. **૭.** ભગતજી મળે તો દર્દ ઓછું થાય. **૮.** આચાર્ય વિહારીલાલજીના અંગત સેવક તરીકે ટપાલ તથા અન્ય સાહિત્ય સેવા કરતા. **૯.** ભગતજીના હેતના શબ્દોથી જેઠાભાઈને ઘણો આનંદ થયો. **૧૦.** પીજના સંઘ સાથે મહુવા ગયેલ જેઠાભાઈને તાવ આવ્યો.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**પ્રશ્ન.૧૦.નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (૪ ગુણ)
૧. જીવુબા કેવી દૃષ્ટિવાળાં હતાં ? ૪૦
૨. પુરુષોત્તમપુરામાં થયેલા નુકસાનને જોઈને સ્વામીશ્રીએ શું કહ્યું ? ૫૭
૩. ઝીણાભાઈએ કમળશીભાઈનો ખાટલો ઉપાડ્યો તેથી રાજી થઈ શ્રીજીમહારાજ કેટલી વાર ભેટ્યા ? ૨૯
૪. શ્રીરંગદાસજીને મહારાજ બીજા ક્યા નામે, શા માટે સંબોધતા ? ૩

**પ્રશ્ન.૧૧.નીચેના પ્રસંગોમાંથી કોઈપણ <u>એક</u> પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** (૫ ગુણ)
૧. તમારું દુઃખ અમારી ગાદી તળે. ૫૫
૨. શ્રીજીમહારાજે કરેલો પંચાળામાં પુષ્પદોલોત્સવ. ૨૬
૩. નિર્ગુણ સ્વામીની કાર્યશક્તિ અને ગુરુભક્તિ. ૫૧

**પ્રશ્ન.૧૨.નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** (૪ ગુણ)
૧. જેઠાભાઈ વડોદરા કલાભવનમાં અભ્યાસ કરવા ગયા હતા. ૪૧
૨. દાદાખાચરે વિપ્ર જગન્નાથને સાધુ કરવા માટેની વિનંતી મહારાજને કરી. ૧૭
૩. દેવીદાનનો જન્મ ધીંગડા ગામે થયો હતો. ૧૩
૪. મૂળી મંદિરની પ્રતિષ્ઠા વરતાલના આચાર્યશ્રીના હસ્તે થઈ. ૯

## વિભાગ-૩ : નિબંધ

**પ્રશ્ન.૧૩.નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** (૧૫ ગુણ)
૧. જીવનમાં ગુરુની આવશ્યકતા
૨. કળિયુગમાં શિક્ષાપત્રીના નિયમોની આવશ્યકતા
૩. દિલ્હી અક્ષરધામ દર્શન - એક અવિસ્મરણીય યાત્રા

**નોંધ : ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૬ જુલાઈ, ૨૦૦૬ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

* * *